GOKULDHAM HAVELI
ATLANTA, GA

Pushtimargiya Vaishnav Samaj of South East USA, Inc.

ગોકુલધામ હવેલી
એટલાન્ટા, જ્યોર્જીયા



# પુષ્ટિ સ્વર



A Newsletter from the Gokuldham Haveli
Inspired - Guided by Shashtapitadhishwar H.D.H. Shree Dwarkeshlalji Maharajshree
(Vadodara-Kankaroli)

Editor & Writer » Divyakant Bhatt • Managing Editor »Tejas Patwa • Guidence By » Ashok Patel • JULY-2023 • ISSUE-03

## ગોકુલધામ હવેલીમાં ‘ જીવન એક ઉત્ત્સવ’ વિષય સંદર્ભે ત્રણ દિવસીય સત્સંગ-કથા યોજાઈ

# કૃષ્ણના આશીર્વાદ-કૃપા અને સાંનિધ્ય અનુભવતી વ્યક્તિના જીવનમાં સદાકાળ ઉત્ત્સવ છેઃ પૂ.દ્વારકેશલાલજી

**એટલાન્ટા**

અમેરિકાના એટલાન્ટા સિટીમાં આવેલી ગોકુલધામ હવેલીમાં વડોદરાના કલ્યાણરાયજી મંદિરના ષષ્ઠ પીઠાધિશ્વર વૈષ્ણવાચાર્ય પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીના આગમન વેળા ‘જીવન એક ઉત્ત્સવ’ વિષય સંદર્ભે ત્રણ દિવસીય સત્સંગ-કથા યોજાઈ હતી. આ સત્સંગ-કથામાં માર્ગદર્શન કરતા પૂ.શ્રી દ્વારકેશલાલજી મહારાજે સમજાવ્યું હતું કે, ભગવાન કૃષ્ણના આશીર્વાદ અને કૃપા તેમજ તેમના સાંનિધ્યનો અનુભવ કરનાર વ્યક્તિના જીવનમાં સદાકાળ ઉત્ત્સવ છે. પૂ.શ્રીએ જીવનને ઉત્ત્સવ બનાવવા જીવનના દરેક સ્તરે ઉત્તમનું ગ્રહણ અને મિથ્યાનો ત્યાગ કરવા જણાવ્યું હતું.

વૈષ્ણવાચાર્ય પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રી તા.12-13-14 મે દરમિયાન ગોકુલધામ હવેલીમાં પધાર્યા હતા. પૂ.શ્રીના આગમનથી ભગવદીય વૈષ્ણવોમાં આનંદની હેલી વ્યાપી હતી. ગોકુલધામ હવેલીમાં પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં લગાતાર ત્રણ દિવસ સુધી ભક્તિ,ઉત્સવ અને સુગમ સંગીતના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત ત્રણ દિવસ શ્રી જગદગુરુ હોલમાં પૂ.શ્રીના વ્યાસપીઠ પદે ‘જીવન એક ઉત્ત્સવ’ ના અર્થસભર વિષય ઉપર સત્સંગ-કથા યોજાઈ હતી.

પૂ.દ્વારકેશલાલજી મહારાજે જણાવ્યું હતું કે, જીવન એક ઉત્ત્સવ છે, તેનો પરિચય શું ? કારણ કે, દરેક ઉત્ત્સવ આનંદ આપે છે. તેમાં શોક નથી. જ્યારે જીવનમાં શોકનો અનુભવ આપણે કરતા હોઈએ ત્યારે જીવન એક ઉત્ત્સવ કેવી રીતે બને ? આ સંજોગોમાં તાપ-ક્લેષથી ભરેલું જેનું જીવન છે એવા જીવને તેનું જીવન ઉત્ત્સવ બનાવવું છે તેવા જીવને શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ દૈવી જીવ તરીકે ઓળખાવ્યો છે. આવા દૈવી જીવોનું સ્વાગત મહાપ્રભુજી પુષ્ટિભક્તિ માર્ગના રાજપથ ઉપર કરી રહ્યા છે. પૂ.શ્રીએ જીવનને ઉત્ત્સવ બનાવવા








જગદીશને પામવાની ઈચ્છાવાળા દૈવી જીવને સત્સંગ, કિર્તન, સ્મરણ, સેવા અને જપ દ્વારા પ્રભુની ભક્તિ કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ખાસ કરીને સત્સંગએ ભગવાનને પામવાનું સરનામું છે અને સત્સંગમાં હોઈએ ત્યારે આપણે ભગવાનની ખૂબ જ નજીક હોઈએ છીએ. આ ઉપરાંત જીવનને ઉત્ત્સવમાં બદલવા અનુભવ અને સ્વાનુભવ જરૂરી છે, જેમાં જ્ઞાની હોવું જરૂરી નથી પણ પ્રેમી હોવું અને ભાવપૂર્ણ હોવું જરૂરી છે. ‘જીવન એક ઉત્ત્સવ’ વિષયની સત્સંગ-કથા માટે પસંદગી અંગે બોલતાં પૂ.શ્રીએ કહ્યું હતું કે, કોરોના કાળ પછી બદલાતી જીવનની ધારા અને માનસિકતાને સંતુલિત કરવા માટે કયો સરળ ઉપાય હોઈ શકે તેમ વિચારી આપણે જેની સેવા કરીએ છે તે પરમતત્ત્વ શ્રી ઠાકોરજી જે સ્વયં પરમાનંદ છે, તેના સાંનિધ્યમાં રહેનારનું જીવન હંમેશા ઉત્ત્સવમય હોય અને આનંદની સતત અનુભૂતિ કરનાર દૈવી જીવને સદા પ્રસન્ન રાખવા ‘જીવન એક ઉત્ત્સવ’ વિષય રાખ્યો છે.

પૂ.શ્રીએ વૈષ્ણવી વિવેક વિશે અને પ્રભુ પ્રગટ થાય પછી શું માંગવું અને શું ના માંગવું તે અંગે ઉપયોગી વાતો કરી હતી. આ ઉપરાંત શ્રી ઠાકોરજીને જગાડીએ ત્યારે શું બોલવું જોઈએ તેમ કહી ‘પ્રબોધ’બોલવો જોઈએ તેમ ટાંકી તેનું હિન્દી ભાષાંતર વર્ણવ્યું હતું. પૂ.શ્રીએ આપણી ભારતીય સંસ્કૃતિમાં ધર્મ, ફિલોસોફી, પુરા કથા-હિસ્ટરી, ભાષા, ભૂષા અને કલા આ છ બાબતોનો સમાવેશ થાય છે તેમ જણાવ્યું હતું. અંતમાં કહ્યું હતું કે, જીવનમાં ઉત્તમનું ગ્રહણ અને મિથ્યાનો ત્યાગ આ બે વચ્ચે આપણું જીવન સતત વહેતું રહેશે તો મને વિશ્વાસ છે કે, જીવનને આપણે બધા ઉત્ત્સવ બનાવી શકીશું.

પૂ.શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના આગમન વેળા ગોકુલધામ હવેલીમાં યોજાયેલા કાર્યક્રમો દરમિયાન શરણાગત મનોરથી તરીકે તુષાર અને કામિની પટેલ (રોમ), યજમાન મનોરથી તરીકે સ્વ.વિપિનચંદ્ર અને મનોરમાબહેન મજમુદાર તેમજ સહ મનોરથી તરીકે બિરેન અને બેલા શાહને લ્હાવો મળ્યો હતો. પૂ.જેજેશ્રીના હસ્તે આ મનોરથી વૈષ્ણવોનું ભાવપૂર્ણ સન્માન કરાયું હતું.પૂ.શ્રીએ અતુલ દોશી-રૂપાબહેન દોશી, ડૉ.કે. સી.શાહ અને મયૂરીબહેન શાહ તેમજ ચતુરભાઇ છભાયા અને સંધ્યાબહેન છભાયા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર વૈષ્ણવ સમાજની સેવાઓને બિરદાવી હતી. ‘જીવન એક ઉત્ત્સવ’ સત્સંગ-કથાનો પ્રારંભ દીપ પ્રગટાવી કરાયો હતો. દીપ પ્રાગટ્ય વિધિમાં પૂ.જેજેશ્રીની સાથે ગ્વિનેટ કાઉન્ટીના શેરિફના ઉમેદવાર ડેપ્યુટી કોર્ટિસ ક્લેમિન્સ, ગ્વિનેટ કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એટર્નિ પેસ્ટી ઓસ્ટિન ગેટ્સન તેમજ બી.એ.પી. એસ.સંસ્થાના વિશ્વેશભાઇ, કેતનભાઇ અને જ્યંતિભાઇ પટેલ ઉપરાંત ગોકુલધામના ચેરમેન અશોક પટેલ, એક્ઝિક્યુટિવ સેક્રેટરી તેજસ પટવા તેમજ અગ્રણી બોબીભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસીય સત્સંગ દરમિયાન ગોકુલધામ હવેલીના ગીરધર શાસ્ત્રીજીએ સત્સંગનું મહાત્મ્ય વર્ણવ્યું હતું. જ્યારે કિર્તનકાર અલ્પેશ સાંવલિયાએ કિર્તન-ધૂન અને ભજનની રમઝટ જમાવી હતી.

## ગોકુલધામના ન્યૂઝ લેટર(સમાચાર પત્રિકા) ‘ પુષ્ટિ સ્વર ’નું વિમોચન કરાયું



ગોકુલધામ હવેલીમાં સમયાંતરે વિવિધ ઉત્ત્સવો, સામાજિક કાર્યક્રમો તેમજ અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન થતું રહે છે. આ તમામ ગતિવિધિઓથી વૈષ્ણવોને માહિતગાર રાખવાના એકમાત્ર આશયથી ગોકુલધામના મેનેજમેન્ટ તરફથી ન્યૂઝ લેટર(સમાચાર પત્રિકા) ‘પુષ્ટિ સ્વર’ શરૂ કરવાનો નિર્ણય કરાયો હતો. કોવિડ પહેલાં પહેલો અંક પ્રસિદ્ધ કરાયા બાદ બીજા અંકનું વિમોચન પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીના ગોકુલધામમાં આગમન વેળા કરાયું હતું.
ગોકુલધામના ચેરમેન અશોક પટેલ, એક્ઝિક્યુટિવ સેક્રેટરી તેજસ પટવાના માર્ગદર્શન હેઠળ ‘પુષ્ટિ સ્વર’ નો અંક દિવ્યકાંત ભટ્ટ દ્વારા તૈયાર કરાયો છે. આ ન્યૂઝ લેટર સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવશે. ગોકુલધામની વેબસાઈટ gokuldham.org ઉપર આ પુષ્ટિ સ્વર અંક ઉપલબ્ધ કરવામાં આવે છે.

## પૂ.દ્વારકેશલાલજીએ સ્વ. સુબોધચંદ્ર શાહને અંજલિ અર્પી

‘જીવન એક ઉત્ત્સવ’ સત્સંગ-કથા દરમિયાન પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીએ ગોકુલધામ હવેલીના ટ્રસ્ટી સ્વ.સુબોધચંદ્ર શાહને ભાવપૂર્ણ અંજલિ અર્પી હતી. પૂ.જેજેશ્રીએ અંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે, સ્વ.સુબોધચંદ્ર શાહ એટલાન્ટામાં હવેલી થવી જોઈએ, ઊંચા ટેકરા ઉપર મંદિર હશે, પ્રભુ ત્યાં પધારશે એવું કહેનાર પહેલા વૈષ્ણવ હતા. શ્રી ઠાકોરજી સદગતને તેમના ચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થના કરું છું.

# પૂ.દ્વારકેશલાલજીના આગમન સમયે ગોકુલધામમાં'ધાર્મિકોત્સવ'નો માહોલ

## જેની પાસે પ્રભુના ચરણ હોય તેને પ્રભુની પ્રાપ્તિ થાય : ચિ.આશ્રયકુમારજી



'જીવન એક ઉત્સવ' કથાના બીજા દિવસે કડી વલ્લભકૂળના ચિ.આશ્રયકુમારજી ઉપસ્થિત રહ્યા હતા. ચિ.આશ્રયકુમારજીએ વિદેશની ધરતી પર પુષ્ટિમાર્ગના પ્રચાર-પ્રસાર માટે પૂ.દ્વારકેશલાલજી મહારાજ(વડોદરા)ના પરિશ્રમ અને પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, શ્રી ઠાકોરજી-વલ્લભના ચરણોમાં જઈશું તો આપણે બચી જઈશું. જેની પાસે પ્રભુના ચરણ હોય તેને પ્રભુની પ્રાપ્તિ થાય. જીવન એક ઉત્સવ અંગે તેમણે કહ્યું હતું કે, જીવનમાં પરમાત્મા હોય ત્યારે આનંદ જ હોય અને આનંદ હોય ત્યારે જીવન એક ઉત્સવ બને છે. જીવનયાત્રા ખૂબ સુંદર છે. ઠાકોરજીની સેવા માટે જે ક્ષણે વિચાર થાય તે જ શ્રેષ્ઠ સમય છે.

## ગીત-સંગીતના કાર્યક્રમોએ રમઝટ જમાવી








'જીવન એક ઉત્સવ' સત્સંગ દરમિયાન પહેલા દિવસે હિમાલી વ્યાસ-નાયક અને ચિંતન નાયક સાથે રત્હિન મહેતા એન્ડ ફ્રેન્ડ્સનો સુગમ-સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. બીજા દિવસે ગાયક પ્રિતિ ગજ્જરની ભજન સંધ્યાનું આયોજન કરાયું હતું. જ્યારે ત્રીજા દિવસે સાંજે સિતાર,તબલા અને સેક્સોફોનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કલાકાર ક્રિષ્ણા મોહન ભટ્ટે સિતારવાદન રજૂ કર્યું હતું.અમેરિકન કલાકાર જ્યોર્જ બ્રુક્સે સેક્સોફોન પર સંગીત પીરસ્યું હતું. જ્યારે મુંબઈના જાણીતા કલાકાર અમોલે તબલા ઉપર રમઝટ જમાવી હતી. બીજી તરફ કલાકાર અનિશ ચંદાનીએ ફ્લ્યૂટ પ્રોગ્રામ થકી ક્લાસિકલ તેમજ હિન્દી ફિલ્મી ગીતોની ધૂન પીરસી સંગીત પ્રેમીઓને મોડીરાત સુધી જકડી રાખ્યા હતા.

## પૂ.દ્વારકેશલાલજીએ વર્ણવેલી ઉપયોગી વાતો



- દૈવી જીવ હોય ત્યારે જ બ્રહ્મસંબંધ થાય છે.
- ષોડ્શ(16) સંસ્કાર એ આપણા જીવનના 16 પ્રસંગો-ઈવેન્ટ છે.
- બીજા માટે આપવામાં આવતા સલાહ,સૂચનો, નિરીક્ષણ, વિચારો શાંતિમય જીવન માટે સ્પીડ બ્રેકરનું કામ કરે છે.
- પુષ્ટિ માર્ગમાં તહેવાર, ઉત્સવ, પ્રસંગ અને મહોત્સવ આપણે શ્રી ઠાકોરજી સાથે જીવીએ છીએ.
- જેની વાણી ઉપર એક વખત વલ્લભનું નામ આવી જાય એના મન-બુદ્ધિ-ચિત્તમાં સર્વ પ્રકારે આધિ દૈવિકતા પ્રગટે છે.
- શ્રી ઠાકોરજી આપણને જોતાં હોય તો આપણી સેવા સિદ્ધ છે.
- કૃતજ્ઞતાનો ભાવ જ પ્રાર્થના છે. દિવસમાં એક વખત ભગવાનને થેંક્યુ કહીએ એ જ પ્રાર્થના છે.
- જે આનંદના સાંનિધ્યમાં રહે એનું જીવન હંમેશાં ઉત્સવમય હોય છે.
- શ્રી ઠાકોરજીની સેવા જ જીવનનો એક ઉત્સવ છે.

## ગોકુલધામના વોલેન્ટિઅર્સે રંગ રાખ્યો, તમામ ટીમોની કાબિલેદાદ કામગીરી

પૂ.જેજેશ્રીના ત્રણ દિવસના સત્સંગ-કથા વેળા ગોકુલધામની તમામ ટીમોએ તેમને સોંપાયેલું કાર્ય સફળતાપૂર્વક પાર પાડી કાબિલેદાદ કામગીરી કરી હતી. તમામ ટીમોના વોલેન્ટિઅર્સે સંકલનપૂર્વક કામગીરી થકી કાર્યક્રમને સફળ બનાવી રંગ રાખ્યો હતો. ચેરમેન અશોક પટેલ, એક્ઝિક્યુટિવ સેક્રેટરી તેજસ પટવા, ટ્રેઝરર કિન્તુ શાહ, જીગર શાહ, હેતલ શાહ, ગિરિશ શાહ, પરિમલ પટેલ, સમીર શાહ, કેતુલ ઠાકર, આત્મય તલાટી-આર્ષ તલાટી, હિતેશ પંડિત, મેહુલ પારેખ, આકાશ પટેલ, કરણ શાહ, અપૂર્વ ઘેલાણી, ભાવેશ સૂરેજા-રાજેશ સુરેજા, મિલન ભૂત અને મહેન્દ્ર કાકાએ સહાહનીય કામગીરી કરી હતી. ગોકુલધામ કિચન ટીમે ત્રણે દિવસ બે ટાઈમ મહાપ્રસાદની સેવા માટે ખૂબ જ પરિશ્રમ ઉઠાવ્યો હતો. ભાનુબહેન પટેલ, રંજનબહેન શિરોયા, ધીરુભાઇ પટેલ, યોગીભાઇ પટેલ, અશ્વિનભાઇ પટેલ, પિયૂષભાઇ પટેલ, રજનીભાઇ શેઠ, કિરીટભાઇ શાહ અને રાજેશ દેસાઈએ પ્રશંસનીય કામગીરી કરી હતી. ઉપરાંત મહાપ્રસાદ વિતરણ માટે ડૉ.પરમાનંદ શાહ, વૈભવ શાહ, દર્શક પટેલ, ગૌરાંગ પટેલ, સતિષ ઘીવાલા સહિત અનેક સ્વયંસેવકોએ સરાહનીય કાર્ય કર્યું હતું

## શ્રી ઠાકોરજીના વિવિધ મનોરથના આયોજને આકર્ષણ જમાવ્યું





ગોકુલધામમાં પૂ.દ્વારકેશલાલજી મહારાજના આગમન દરમિયાન ત્રણ દિવસ શ્રી ઠાકોરજીના સુખાર્થે વિવિધ મનોરથનું આયોજન કરાયું હતું. તા.12મીએ મોતીમહેલનો મનોરથ, તા.13મીએ પુષ્પ-વિતાન મનોરથ અને તા.14મીએ કેરીનો મનોરથ યોજાયો હતો.ત્રણે દિવસ ગોકુલધામના મુખ્યાજી નરપતરામજીએ શ્રી ઠાકોરજીના નયનાકર્ષક શ્રૃંગાર કરીને શ્રી ઠાકોરજીનો રાજીપો મેળવ્યો હતો. એટલું જ નહીં પૂ.જેજેશ્રી અને દર્શનાર્થે આવેલા વૈષ્ણવોની વાહવાહી મેળવી હતી. સજાવટ ટીમની બહેનોએ વિવિધ મનોરથને આકર્ષક બનાવવા ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ત્રણે દિવસ શયન દર્શન સમયે ભવ્ય મનોરથના આયોજને આકર્ષણ જમાવ્યું હતું.

## શાસ્ત્રીજી અને ર્કિતનકાર સત્સંગમાં છવાયા





ગોકુલધામમાં આયોજીત પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીના જીવન એક ઉત્સવ કથા-સત્સંગ દરમિયાન ગોકુલધામના શાસ્ત્રીજી ગીરધર ઉપાધ્યાયએ ત્રણ દિવસ સત્સંગની રૂપરેખા આપી તેનું મહત્વ સમજાવ્યું હતું. જ્યારે કિર્તનકાર અલ્પેશ સાવલિયાએ કથાની સાથે કિર્તન, ભજન અને ધૂનની હાર્મોનિયમ અને તબલાં સંગ રમઝટ જમાવી શ્રોતાઓને ઘેલું લગાડ્યું હતું.

## શ્રી ઠાકોરજીને જગાડીએ ત્યારે શું બોલવું જોઈએ ?

પૂ.દ્વારકેશલાલજી મહારાજે શ્રી ઠાકોરજીને જગાડતી વેળાએ પ્રબોધ બોલવો જોઇએ તેમ કહી પ્રબોધનું હિન્દી ભાષાંતર રજૂ કર્યું હતું.

'' જય જય મહારાજાધિરાજ, ગોકુલ કે પ્રાણપતિ, વ્રજ કે જીવન-ધન, યશુદોત્સંગલાલિત, વ્રજ કે પ્રાણ આધાર, શ્રી વલ્લભ કે દુલારે, શ્રી ગુંસાઇજી કે પ્રાણ પ્યારે, હે મહારાજાધિરાજ, વ્રજ કે વ્રજેશ્વર, આપ વ્રજાધિશ, ગોપીજન વલ્લભ જાગો..જાગો...જાગો...કહીને શ્રી ઠાકોરજીને જગાડવા જોઇએ.

# ન્યૂઝ ઈન બ્રીફ

## સુંદરકાંડ વક્તા પૂ.અશ્વિનકુમાર પાઠક ગોકુલધામમાં દર્શન-મુલાકાતે આવ્યા



પૂ.અશ્વિનકુમાર પાઠકજીની સાથે અશોક પટેલ, બોબી પટેલ, મનસુખ પટેલ અને ચતુર છભાયા તસ્વીરમાં નજરે પડે છે

રામાયણના પંચમ સોપાન સુંદરકાંડ પાઠનું ગાન કરીને દેશ-વિદેશમાં શ્રી હનુમાનજીની ભક્તિની સુવાસ ફેલાવનાર પૂ.અશ્વિનકુમાર પાઠકજીએ ગોકુલધામ હવેલીની મુલાકાત લીધી હતી. નુપૂ.પાઠકજીએ ગોકુલધામ હવેલી ખાતે શ્રી ગોવર્ધનનાથજી અને શ્રી યમુના મહારાણીના દર્શન કર્યા હતા. ગોકુલધામના મુખ્યાજી નરપતરામ મહારાજે પૂ.અશ્વિનકુમાર પાઠકજીનું ઉપરણું ઓઢાડી અને પ્રસાદ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ગોકુલધામના ચેરમેન અશોક પટેલ, બોબીભાઈ પટેલ અને મનસુખભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પૂ.પાઠકજીએ ગોકુલધામ હવેલીની મુલાકાત લઈ સુંદર સ્થળે શ્રી ઠાકોરજીનું તીર્થધામ બન્યું હોવાનું જણાવી રાજીપો વ્યક્ત કર્યો હતો.

## પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રી(અમરેલી)નું બે દિવસીય સત્સંગ-વચનામૃત યોજાયું



વચનામૃતમાં યુવાચાર્ય શ્રી અનુગ્રહલાલજી પણ ઉપસ્થિત રહ્યા હતા

ગોકુલધામ હવેલી ખાતે વૈષ્ણવાચાર્ય પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રી (અમરેલી)ના બે દિવસીય સત્સંગ-વચનામૃતનું આયોજન કરાયું હતું. મનોરથી ચતુરભાઈ છભાયા અને પરિવાર દ્વારા આયોજિત સત્સંગમાં પૂ.શ્રીએ શ્રી ઠાકોરજીના સેવાક્રમ ઉપરાંત પુષ્ટિ ભક્તિનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ સત્સંગમાં યુવાચાર્ય શ્રી અનુગ્રહલાલજી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વૈષ્ણવાચાર્ય પૂ.અનિરૂદ્ધલાલજીએ 'યમુનાષ્ટક'નું મહાત્મ્ય સમજાવ્યું



પૂ.શ્રીએ 'યમુનાષ્ટક'નો ભાવાર્થ સમજાવ્યો હતો

ગોકુલધામમાં વૈષ્ણવાચાર્ય પૂ.અનિરૂદ્ધલાલજીનો બે દિવસીય સત્સંગ કાર્યક્રમ યોજાયો હતો. બે દિવસીય સત્સંગમાં પૂ.શ્રીએ 'યમુનાષ્ટક' નું મહાત્મ્ય વર્ણવી દરેક પંક્તિનો ભાવાર્થ સમજાવ્યો હતો. પૂ.શ્રીએ જણાવ્યું હતું કે, યમુનાજી એ સૂર્ય દેવની પુત્રી અને યમરાજાના નાના બહેન છે. જીવને પ્રભુ લાયક બનાવવાવાળા શ્રી યમુનાજી છે, કારણ કે, યમુનાજી જળ સ્વરૂપ છે. જીવને શુદ્ધ કરી ઠાકોરજીને લાયક બનાવે છે. જળ જ્યાં અડે તેને શુદ્ધ કરે છે. યમુનાજી 'મુકુન્દ રતિ વર્ધિની' એટલે કે, યમુનાજી વૈષ્ણવોમાં શ્રીઠાકોરજી પ્રત્યે પ્રેમ વધારે છે.



## 'અનુપમા' સિરિયલના બાપુજી અરવિંદ વૈદ્ય ગોકુલધામના અતિથિ બન્યા

પ્રસિદ્ધ હિન્દી ટીવી સિરિયલ 'અનુપમા' માં બાપુજીનો અભિનય કરી રહેલા જાણીતા એક્ટર-કલાકાર અરવિંદ વૈદ્ય ગોકુલધામના અતિથિ બન્યા હતા. અરવિંદ વૈદ્યે ગોકુલધામ હવેલીમાં દર્શન-મુલાકાત કરી ગોકુલધામની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી મેળવી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ગોકુલધામના એચ.આર એન્ડ ઓપરેશન મેનેજર બિજલ સોનીએ ટીવી એક્ટર અરવિંદ વૈદ્યને આવકારી તેમનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ટીવી એકટર અરવિંદ વૈદ્યએ ગોકુલધામમાં સમયાંતરે થતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે રાજીપો વ્યક્ત કરી હવેલીની સુંદરતા અને સ્વચ્છતા માટે આનંદ વ્યક્ત કર્યો હતો.

# ગોકુલધામ વિદ્યાલયના બાળકોની ગ્રેજ્યુએશન સેરેમની યોજાઈ

## પૂ.દ્વારકેશ લાલજીએ બાળકોને સર્ટિફિકેટનું વિતરણ કરી ગોકુલધામમાં શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહિત કર્યા





એટલાન્ટા

ગોકુલધામ હવેલી અંતર્ગત બાળકો માટે દર રવિવારે ગોકુલધામ વિદ્યાલય કાર્યરત છે. આ ગોકુલધામ વિદ્યાલયના વર્ષ 2022-2023 ના શૈક્ષણિક સત્રના બાળકોની ગ્રેજ્યુએશન સેરેમની પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાઈ હતી. પૂ.શ્રીના હસ્તે વિદ્યાલયના બાળકોને સર્ટિફિકેટ તેમજ ગિફ્ટ કાર્ડનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ગોકુલધામ વિદ્યાલયના પ્રિન્સીપાલ તેજસ પટવા તેમજ સ્વયંસેવી શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ગોકુલધામ વિદ્યાલયના 2023 ના શૈક્ષણિક સત્રમાં કુલ-229 બાળકોનું નામાંકન થયું હતું. જેમાં ગુજરાતી લર્નિંગના ક્લાસમાં 91 બાળકો તેમજ હિન્દુઈઝમ-પુષ્ટિમાર્ગના ક્લાસમાં 138 બાળકોએ 2023 ના શૈક્ષણિક સત્રમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ શિક્ષણ મેળવ્યું હતું. વર્ષ 2023-2024 નું શૈક્ષણિક સત્ર તા.13 ઓગસ્ટથી પ્રારંભ થશે. આ નવા શૈક્ષણિક સત્ર માટેનું રજિસ્ટ્રેશન જુલાઈ મહિનામાં ઓનલાઈન કરવા જણાવાયું છે.ગોકુલધામ ગ્રજ્યુએશન સેરેમનીમાં વિદ્યાલયના એડમીનિસ્ટેટર વિપુલ મપારા, કરણ શાહ, હિતેન ધોળકિયા, જીગેશ પરીખ, રોશની શાહ, અમી પટવા ઉપસ્થીત રહ્યા હતાં.





# ગોકુલધામમાં પવિત્ર પુરુષોત્તમ (અધિક) માસમાં હિંડોળા સહિત વિવિધ મનોરથ યોજાશે

**એટલાન્ટા**

એટલાન્ટાની ગોકુલધામ હવેલીમાં પવિત્ર પુરુષોત્તમ માસ એટલે કે, અધિક શ્રાવણ મહિના દરમિયાન આકર્ષક હિંડોળા સહિત વિવિધ મનોરથ, પુરુષોત્તમ યજ્ઞ તેમજ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તા.18 જુલાઈથી પ્રારંભ થઈ રહેલા અધિક માસની તા.16 ઓગસ્ટના રોજ પૂર્ણાહુતિ થશે. ગોકુલધામના એક્ઝિક્યુટિવ સેક્રેટરી તેજસ પટવાએ જણાવ્યું હતું કે, અધિક માસમાં શ્રીઠાકોરજીની વધુમાં વધુ ભક્તિ થાય અને શ્રીઠાકોરજીના સુખાર્થે આ પવિત્ર માસમાં અધિક કાર્યક્રમો થાય તેવું આયોજન કરાયું છે. જે અંતર્ગત તા.18 જુલાઈથી શરૂ થનાર અધિક માસમાં ગોકુલધામ હવેલી ખાતે દાનલીલા, લાલ ઘટામાં કાચનો બંગલો, પુષ્પ વિતાન મનોરથ, વસંત ફૂલફાગ, કમળના હિંડોળા, ફુલની સાંઝી, વ્રજ કમળ મનોરથ, ગિરિરાજ પરિકમ્મા, ચુનરી મનોરથ, ખસનો બંગલો, છાક લીલા, કેસર-ઈલાઈચીના હિંડોળા સહિત આ વિવિધ મનોરથ શ્રીઠાકોરજી સન્મુખ યોજાશે.

આ ઉપરાંત તા.29 જુલાઈએ પુરુષોત્તમ યજ્ઞ અને વ્રજ કમળ મનોરથ, તા.3 ઓગસ્ટના રોજ રથયાત્રા મનોરથ, તા.5 ઓગસ્ટના રોજ ફુલ મનોરથ, તા.6 ઓગસ્ટના ચુનરી મનોરથ, તા.9 ઓગસ્ટના નંદ ઉત્સવ, તા.12 ઓગસ્ટના વિવાહ ખેલ-તુલસી વિવાહ મનોરથ યોજાશે.

જ્યારે તા.14 ઓગસ્ટના ગંગા જમુના ઘટા, તા.15 ઓગસ્ટના નાવનો મનોરથ અને અધિક માસના અંતિમ દિવસ તા.16 ઓગસ્ટના બુધવારે સાંજે માનસી ગંગા દીપદાનનો મનોરથ યોજાનાર છે. અધિક માસ દરમિયાન દર્શનનો સમય સાંજે 5.30 થી 7.30 નો રહેશે. અધિક માસના મનોરથની દૈનિક ન્યોંછાવર $151/- છે જ્યારે વીકએન્ડ મનોરથી તરીકેની ન્યોંછાવર $ 501/- રાખવામાં આવી છે.

Pushtimargiya Vaishnav Samaj of South-East USA, Inc

## ગોકુલધામ હવેલી

એટલાન્ટા, જ્યોર્જીયા



*Inspired & Guided by Shashtapithadishwar H.D.H. Shree Dwarkeshlalji Maharajshree (Vadodara - Kankroli)*





## અધિક માસ ઉત્સવ મનોરથ

### July 18th to Aug 16th

| વર્ષ ૨૦૨૩ - વિક્રમ સંવત ૨૦૭૯ | | | | | |
|---|---|---|---|---|---|
| **તારીખ** | **દિવસ** | **મહિનો** | **પક્ષ** | **તિથિ** | **અધિકમાસ દરમ્યાન ગોકુલધામમાં થનાર વિવિધ મનોરથો ની વિગત** |
| ૦૭/૧૮/૨૩ | મંગળવાર | અધિક શ્રાવણ | સુદ | એકમ | દાનલીલા |
| ૦૭/૧૯/૨૩ | બુધવાર | અધિક શ્રાવણ | સુદ | બીજ | લાલ ઘટામાં કાચનો બંગલો |
| ૦૭/૨૦/૨૩ | ગુરુવાર | અધિક શ્રાવણ | સુદ | ત્રીજ | પુષ્પ વિતાન |
| ૦૭/૨૧/૨૩ | શુક્રવાર | અધિક શ્રાવણ | સુદ | ત્રીજ | વસંત ફૂલફાગ |
| ૦૭/૨૨/૨૩ | શનિવાર | અધિક શ્રાવણ | સુદ | ચૌથ | સોનેરી ઘટા |
| ૦૭/૨૩/૨૩ | રવિવાર | અધિક શ્રાવણ | સુદ | પાંચમ | કમળ ના હિંડોલા |
| ૦૭/૨૪/૨૩ | સોમવાર | અધિક શ્રાવણ | સુદ | છઠ | ઝુલે કદમ ની ડાળ - હિંડોલા |
| ૦૭/૨૫/૨૩ | મંગળવાર | અધિક શ્રાવણ | સુદ | સાતમ | રત્ન જડિત |
| ૦૭/૨૬/૨૩ | બુધવાર | અધિક શ્રાવણ | સુદ | આઠમ | ફિરોઝી ઘટા |
| ૦૭/૨૭/૨૩ | ગુરુવાર | અધિક શ્રાવણ | સુદ | નોમ | પીળી ઘટા |
| ૦૭/૨૮/૨૩ | શુક્રવાર | અધિક શ્રાવણ | સુદ | દશમ | ફૂલ ની સાંઝી |
| ૦૭/૨૯/૨૩ | શનિવાર | અધિક શ્રાવણ | સુદ | અગિયારસ | પુરુષોત્તમ યજ્ઞ<br>વ્રજ કમળ - (સાંજે) |
| ૦૭/૩૦/૨૩ | રવિવાર | અધિક શ્રાવણ | સુદ | બારસ | ગિરિરાજ પરીક્રમ્મા - ગિરિકન્દ્રા હિંડોલા |
| ૦૭/૩૧/૨૩ | સોમવાર | અધિક શ્રાવણ | સુદ | તેરસ | બગીચો |
| ૦૮/૦૧/૨૩ | મંગળવાર | અધિક શ્રાવણ | સુદ | પૂનમ | શરદ - સફેદ ઘટા |
| ૦૮/૦૨/૨૩ | બુધવાર | અધિક શ્રાવણ | વદ | એકમ | મોર કુટીર |
| ૦૮/૦૩/૨૩ | ગુરુવાર | અધિક શ્રાવણ | વદ | બીજ | રથયાત્રા |
| ૦૮/૦૪/૨૩ | શુક્રવાર | અધિક શ્રાવણ | વદ | ત્રીજ | ઘનઘોર ની સવારી |
| ૦૮/૦૫/૨૩ | શનિવાર | અધિક શ્રાવણ | વદ | ચૌથ | ફૂલ મહલ |
| ૦૮/૦૬/૨૩ | રવિવાર | અધિક શ્રાવણ | વદ | પાંચમ | ચુનરી મનોરથ |
| ૦૮/૦૭/૨૩ | સોમવાર | અધિક શ્રાવણ | વદ | સાતમ | શીતલ સદન - ખસ નો બંગલો |
| ૦૮/૦૮/૨૩ | મંગળવાર | અધિક શ્રાવણ | વદ | આઠમ | કેસરી બંગલો - મોતી મહલ |
| ૦૮/૦૯/૨૩ | બુધવાર | અધિક શ્રાવણ | વદ | નોમ | નંદ ઉત્સવ |
| ૦૮/૧૦/૨૩ | ગુરુવાર | અધિક શ્રાવણ | વદ | દશમ | છાક લીલા |
| ૦૮/૧૧/૨૩ | શુક્રવાર | અધિક શ્રાવણ | વદ | અગિયારસ | મલ્યાગીરી ઘટા |
| ૦૮/૧૨/૨૩ | શનિવાર | અધિક શ્રાવણ | વદ | અગિયારસ | વિવાહ ખેલ - તૂલસી વિવાહ |
| ૦૮/૧૩/૨૩ | રવિવાર | અધિક શ્રાવણ | વદ | બારસ | કેસર ઈલાઈચી ના હિંડોલા |
| ૦૮/૧૪/૨૩ | સોમવાર | અધિક શ્રાવણ | વદ | તેરસ | ગંગા જમુના ઘટા |
| ૦૮/૧૫/૨૩ | મંગળવાર | અધિક શ્રાવણ | વદ | ચૌદશ | નાવ નો મનોરથ |
| ૦૮/૧૬/૨૩ | બુધવાર | અધિક શ્રાવણ | વદ | અમાસ | માનસી ગંગા દીપદાન |

**Darshan time: 5:30 pm to 7: 30 pm • Aarti: 6:30 pm**

**Daily Nyochhawar $151 • Weekend Manorathi $501**

**Call 770 492 4346 to become a Manorathi**

Manorath or Hindola Utsav may change due to circumstances

2397 Satellite Blvd. • Buford, GA 30518

P: 770.492.4346 • E: shrinathjihaveliatlanta@gmail.com • W: www.gokuldham.org

@GokuldhamAtlanta  Gokuldham Haveli  Gokuldham_Atl  GokuldhamATL

મારૂ ગોકુલધામ, તારુ ગોકુલધામ, આપણું ગોકુલધામ

Gokuldham is committed for community work. Gokuldham is a non for profit 501 C3 organization. Any donation to Gokuldham is tax deductible

# અધિક મહિનામાં ગોકુલધામમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન

એટલાન્ટા

ગોકુલધામ હવેલી ખાતે અધિક શ્રાવણ માસ દરમિયાન તા.22 જુલાઈથી તા.28 જુલાઈ દરમિયાન શ્રીમદ્ ભાગવત્ સપ્તાહનું આયોજન કરાયું છે. વ્યાસપીઠ પર ગોકુલધામના ડૉ.ગિરધરભાઈ શાસ્ત્રીજી બિરાજમાન થઈ શ્રીમદ્ ભાગવતસપ્તાહનું રસપાન કરાવશે. શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ તા.22 જુલાઈ થી થનાર હોઈ આ દિવસે બપોરે 3.30 કલાકે પોથીયાત્રા ગોકુલધામ પરિસરમાં ઘૂમી શ્રીમદ્ જગદગુરુ હોલમાં પહોંચશે.ત્યારબાદ કથાનો મંગલારંભ થશે. તા.22 અને 23 જુલાઈ રોજ કથાનો સમય સાંજે 4.00 થી 6.00 વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. જ્યારે તા.24 થી 28 જુલાઈના રોજ કથાનો સમય સાંજે 6:30 થી 8:30 વાગ્યા સુધીનો રખાયો છે.કથાનુ સમર્પણ તા. 28ના રોજ થશે.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ દરમિયાન પહેલા દિવસે શ્રીમદ્ ભાગવત્ મહાત્મ્યનું વર્ણન કરાશે. બીજા દિવસે શ્રી ભિષ્મ સ્તુતિ અને શ્રી વરાહ અવતારના પ્રસંગનું વર્ણન થશે. કથાના ત્રીજા દિવસે શ્રી નૃસિંહ અવતાર, ચોથા દિવસે શ્રી વામન અવતાર, શ્રી રામ અવતાર અને શ્રી કૃષ્ણ જન્મોત્સ્વની કથા થશે. કથાના પાંચમા દિવસે નંદ મહોત્ત્સવ, બાળ લીલા, વેણું ગીત અને શ્રી ગોવર્ધન લીલાની કથાનું રસપાન શાસ્ત્રીજી કરાવશે. છઠ્ઠા દિવસે પંચગીત, પાસ પંચાધ્યાયી અને રૂકમણી વિવાહ થશે જયારે કથાના અંતિમ દિવસે સુદામા ચરિત્ર નવ યોગેશ્વર અને શ્રી કૃષ્ણ-ઉદ્ધવ સંવાદની કથા થયા બાદ કથાનું સમાપન થશે.


GOKULDHAM HAVELI
ATLANTA, GA

Pushtimargiya Vaishnav Samaj of South East USA, Inc.

ગોકુલધામ હવેલી
એટલાન્ટા, જ્યોર્જીયા









*Inspired & Guided by Shashtapithadishwar H.D.H. Shree Dwarkeshlalji Maharajshree (Vadodara - Kankroli)*

## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

**July 22 to July 28**

**Weekdays: 6:30 to 8:30 pm • Weekends: 4:00 to 6:00 pm**

**Pothiji Yatra: 3:30 pm**





રસપાન કરાવશે

ડૉ ગિરધરભાઈ શાસ્ત્રીજી

જે થયું સારા માટે થયું. જે થઈ રહ્યું છે તે સારા માટે થઇ રહ્યું છે, અને જે થશે તે પણ સારા માટે જ થશે.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ના મંગલમય પ્રસંગો

**પ્રથમ દિવસ**

તા. ૨૨. જુલાઈ ૨૩ અધિક શ્રાવણ સુદ ૪ - શનિવાર
પોથીજી યાત્રા તથા કથા પ્રારંભ
શ્રીમદ્ ભાગવત્ માહાત્મ્ય - મંગલા ચરણ

**દ્વિતીય દિવસ**

તા. ૨૩ જુલાઈ ૨૩ અધિક શ્રાવણ સુદ ૫ - રવિવાર
શ્રી ભિસ્મસ્તુતી
શ્રી વરાહ અવતાર

**તૃતીય દિવસ**

તા. ૨૪ જુલાઈ ૨૩ અધિક શ્રાવણ સુદ ૬ - સોમવાર
શ્રી નૃસિંહ અવતાર

**ચતુર્થ દિવસ**

તા. ૨૫ જુલાઈ ૨૩ અધિક શ્રાવણ સુદ ૭ - મંગળવાર
શ્રી વામન અવતાર - શ્રી રામાવતાર
શ્રી કૃષ્ણ જન્મોત્સવ

**પંચમ દિવસ**

તા. ૨૬ જુલાઈ ૨૩ અધિક શ્રાવણ સુદ ૮ - બુધવાર
નંદ મહોત્સવ - બાળલીલા
વેણુગીત - શ્રી ગોવર્ધનલીલા

**ષષ્ટમ દિવસ**

તા. ૨૭ જુલાઈ ૨૩ અધિક શ્રાવણ સુદ ૯ - ગુરુવાર
પંચગીત - રાસપંચાધ્યાયી - રુક્ષમણી વિવાહ

**સપ્તમ દિવસ**

તા. ૨૮ જુલાઈ ૨૩ અધિક શ્રાવણ સુદ ૧૦ - શુક્રવાર
સુદામા ચરિત્ર - નવયોગેશ્વર - શ્રી કૃષ્ણ-ઉદ્ધવ સંવાદ

**કથા વિરામ**

2397 Satellite Blvd. • Buford, GA 30518
P: 770.492.4346 • E: shrinathjihaveliatlanta@gmail.com • W: www.gokuldham.org

VIPO GLOBAL

@GokuldhamAtlanta   Gokuldham Haveli   Gokuldham_Atl   GokuldhamATL

મારૂ ગોકુલધામ, તારુ ગોકુલધામ, આપણું ગોકુલધામ

Gokuldham is committed for community work. Gokuldham is a non for profit 501 C3 organization. Any donation to Gokuldham is tax deductible

## ગોકુલધામમાં પૂ.સતિષકુમાર શાસ્ત્રીજીના વ્યાસપીઠ પદે શ્રીકૃષ્ણ બાળ લીલા કથા યોજાઈ

# માત્ર શ્રીનાથજીના દર્શન કરો તો ચારધામની યાત્રાનું ફળ મળે :પૂ. સતિષકુમાર શર્મા

### ગર્ગસંહિતાના ગિરિરાજ ખંડમાં 5000 વર્ષ પહેલાં કળિયુગમાં થનાર શ્રીનાથજીના પ્રાગટ્યની ભવિષ્યવાણી કરાઇ હતી

**એટલાન્ટા**

ગોકુલધામમાં જુલાઇ માસના પ્રારંભમાં ગ્વાલિયરવાળા પૂ.સતિષકુમાર શાસ્ત્રીજીના વ્યાસપીઠ પદે શ્રીકૃષ્ણ બાળ લીલા કથાનું આયોજન કરાયું હતું. સાત દિવસીય આ કથામાં પૂ.શાસ્ત્રીજીએ વેદ-પુરાણો અને શાસ્ત્રોના પ્રમાણ સાથે ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાઓનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવ્યું હતું. પૂ.શ્રીએ ગર્ગસંહિતાને ટાંકીને જણાવ્યું હતું કે, ભારતમાં ચારધામની યાત્રા કરવા અશક્તિમાન હોવ અને માત્ર જો તમે નાથદ્વારામાં બિરાજમાન માત્ર શ્રીનાથજીના દર્શન કરો તો ચારધામની યાત્રાનું ફળ મળે છે.









પૂ.સતિષકુમાર શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે, ગર્ગસંહિતાના ગિરિરાજ ખંડમાં શ્રીગર્ગાચાર્યજીએ 5000 વર્ષ પહેલાં કળિયુગમાં થનાર શ્રીનાથજીના પ્રાગટ્યની ભવિષ્યવાણી કરી હતી. એટલું જ નહીં શ્રીઠાકોરજી શ્રીનાથ-દેવદમણ નામથી ઓળખાશે તેવો પણ ઉલ્લેખ કર્યો હતો.

ગર્ગાચાર્યજીએ પવિત્ર ભારત વર્ષમાં ચાર દિશામાં ચાર નાથ બિરાજશે તેવી ભવિષ્યવાણી ગિરિરાજ ખંડમાં કરી છે તેમ કહી ઉત્તરમાં બદ્રીનાથ, પૂર્વમાં જગન્નાથ, પશ્ચિમમાં દ્વારિકાનાથ, દક્ષિણમાં શ્રીરંગનાથ અને મધ્યમાં શ્રીનાથ બિરાજશે એમ કહીને ચારધામની યાત્રાનો મહિમા ગર્ગાચાર્યજીએ લખેલા શ્લોકના આધારે પૂ.શાસ્ત્રીજીએ સમજાવ્યો હતો. ભારતમાં આ ચાર ધામની યાત્રાનો મહિમા છે.ગર્ગાચાર્યજીએ આ ભવિષ્યવાણીમાં વધુમાં લખ્યું છે કે, જે કોઈ વ્યક્તિ ચાર નાથના દર્શન કરી આવે પણ વચ્ચે બિરાજમાન શ્રીનાથજીના દર્શન નહીં કરે તો ચારધામની યાત્રાનું ફળ નહીં મળે. પણ જો ચારધામના દર્શન કરવાની તક ના મળે અને માત્ર શ્રીનાથજીના દર્શન કરી લો તો પણ ચારધામની યાત્રાના દર્શનનું ફળ શ્રીનાથજીના દર્શન માત્રથી મળશે તેવું ગર્ગાચાર્યજીએ ગર્ગસંહિતાના ગિરિરાજ ખંડમાં લખ્યું છે.

વિદેશની ધરતી પર અમેરિકામાં બેઠાંબેઠાં ગોકુલધામમાં બિરાજમાન શ્રી ગોવર્ધનનાથજી-શ્રીનાથજીના દર્શન કરવાનો લ્હાવો વૈષ્ણવોને મળી રહ્યો છે.

આવો યોગ ષષ્ઠપીઠાધિશ્વર વૈષ્ણવાચાર્ય પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીના કારણે મળ્યો હોવાનું પૂ.શાસ્ત્રીજીએ જણાવ્યું હતું.

શ્રીકૃષ્ણ બાળ લીલા કથાના મુખ્ય મનોરથી તરીકેનું સૌભાગ્ય સ્વ.વિપિનભાઇ અને શ્રીમતી મનોરમાબહેન મજમુદાર, સહ મનોરથી તરીકે અર્ચના અને હેતભાઇ શાહ તેમજ અશોકભાઇ પટેલને સાંપડ્યું હતું.

# ગોકુલધામમાં ‘હિંડોળા ઉત્સવ’ નો પ્રારંભ

ગોકુલધામમાં ‘હિંડોળા પર્વ’ નો તા.5 જુલાઈથી પ્રારંભ થયો છે. આ વર્ષે અધિક શ્રાવણ માસ હોવાથી અષાઢ મહિનામાં કૃષ્ણ પક્ષના 15 દિવસ તેમજ મુખ્ય શ્રાવણ મહિનામાં 15 દિવસ હિંડોળા ઉત્સવનું આયોજન કરાયું છે. તા. 5 જુલાઈથી તા.17 જુલાઈ તેમજ તા.17 ઓગસ્ટથી તા.3 સપ્ટેમ્બર સુધી હિંડોળા ઉત્સવ યોજાશે. હિંડોળા ઉત્સવના પહેલા શનિવારે શ્રી ઠાકોરજીને શાકભાજીના હિંડોળામાં અને રવિવારે ફુલના હિંડોળામાં ઝુલાવવામાં આવ્યા હતા.










| તારીખ | દિવસ | મહિનો | પક્ષ | તિથિ | મહોત્સવ |
|---|---|---|---|---|---|
| જુલાઈ ૦૫ થી જુલાઈ ૧૭ | | | | | |
| ૦૭/૦૫/૨૩ | બુધવાર | અષાઢ | વદ | બીજ | સુરંગ ના હિંડોલા |
| ૦૭/૦૬/૨૩ | ગુરુવાર | અષાઢ | વદ | ત્રીજ | સુરંગ ના હિંડોલા |
| ૦૭/૦૭/૨૩ | શુક્રવાર | અષાઢ | વદ | પાંચમ | રૂપેરી સુરંગ હિંડોલા |
| ૦૭/૦૮/૨૩ | શનિવાર | અષાઢ | વદ | છઠ | શાક ના હિંડોલા |
| ૦૭/૦૯/૨૩ | રવિવાર | અષાઢ | વદ | સાતમ | ફૂલ ના હિંડોલા |
| ૦૭/૧૦/૨૩ | સોમવાર | અષાઢ | વદ | આઠમ | કેસરી ઘટા ના હિંડોલા |
| ૦૭/૧૧/૨૩ | મંગળવાર | અષાઢ | વદ | નોમ | રત્ન જડિત હિંડોલા |
| ૦૭/૧૨/૨૩ | બુધવાર | અષાઢ | વદ | દશમ | મોતી ના હિંડોલા |
| ૦૭/૧૩/૨૩ | ગુરુવાર | અષાઢ | વદ | અગિયારસ | શ્યામ ઘટા ના હિંડોલા |
| ૦૭/૧૪/૨૩ | શુક્રવાર | અષાઢ | વદ | બારસ | મીનાકારી ના હિંડોલા |
| ૦૭/૧૫/૨૩ | શનિવાર | અષાઢ | વદ | તેરસ | પીળી ઘટા માં લીલા મેવા ના હિંડોલા |
| ૦૭/૧૬/૨૩ | રવિવાર | અષાઢ | વદ | ચૌદશ | સાવન ભાદો - મચકી નો હીંડોળો |
| ૦૭/૧૭/૨૩ | સોમવાર | અષાઢ | વદ | અમાસ | હરિયાળી અમાસ માં હરિ ઘટા ના હિંડોલા |
| ઓગષ્ટ ૧૭ થી સપ્ટેમ્બર ૦૩ | | | | | |
| ૦૮/૧૭/૨૩ | ગુરુવાર | શ્રાવણ | સુદ | એકમ | ગંગા જમુના ઘાટ - હિંડોલા |
| ૦૮/૧૮/૨૩ | શુક્રવાર | શ્રાવણ | સુદ | બીજ | સોનેરી ઘટા માં સોનાના હિંડોલા |
| ૦૮/૧૯/૨૩ | શનિવાર | શ્રાવણ | સુદ | ત્રીજ | લાલ ઘટા માં કાચના હિંડોલા |
| ૦૮/૨૦/૨૩ | રવિવાર | શ્રાવણ | સુદ | ચોથ | સૂકા મેવા ના હિંડોલા |
| ૦૮/૨૧/૨૩ | સોમવાર | શ્રાવણ | સુદ | પાંચમ | સૂકા મેવા ના હિંડોલા |
| ૦૮/૨૨/૨૩ | મંગળવાર | શ્રાવણ | સુદ | છઠ | ગુલાબી ઘટા માં હિંડોલા |
| ૦૮/૨૩/૨૩ | બુધવાર | શ્રાવણ | સુદ | સાતમ | સફેદ ઘટા માં હિંડોલા |
| ૦૮/૨૪/૨૩ | ગુરુવાર | શ્રાવણ | સુદ | આઠમ | નીલપીટ ઘટા માં હિંડોલા |
| ૦૮/૨૫/૨૩ | શુક્રવાર | શ્રાવણ | સુદ | નોમ | બ્રહ્મનાદ માં હિંડોલા |
| ૦૮/૨૬/૨૩ | શનિવાર | શ્રાવણ | સુદ | દશમ | દ્વિવિધ હિંડોલા |
| ૦૮/૨૭/૨૩ | રવિવાર | શ્રાવણ | સુદ | અગિયારસ | પવિત્રા ના હિંડોલા |
| ૦૮/૨૮/૨૩ | સોમવાર | શ્રાવણ | સુદ | બારસ | પવિત્રા ના હિંડોલા |
| ૦૮/૨૯/૨૩ | મંગળવાર | શ્રાવણ | સુદ | તેરસ | બગીચા તેરસ - હિંડોલા |
| ૦૮/૩૦/૨૩ | બુધવાર | શ્રાવણ | સુદ | ચૌદશ | જરદોશ ના હિંડોલા |
| ૦૮/૩૧/૨૩ | ગુરુવાર | શ્રાવણ | સુદ | પૂનમ | રક્ષા ના હિંડોલા |
| ૦૯/૦૧/૨૩ | શુક્રવાર | શ્રાવણ | વદ | બીજ | ચુનરી ના હિંડોલા |
| ૦૯/૦૨/૨૩ | શનિવાર | શ્રાવણ | વદ | ત્રીજ | લહેરીયા ના હિંડોલા |
| ૦૯/૦૩/૨૩ | રવિવાર | શ્રાવણ | વદ | ચોથ | સુરંગ ના હિંડોલા |

Darshan time: 5:30 pm to 7: 30 pm • Aarti: 6:30 pm
Daily Nyochhawar $151 • Weekend Manorathi $351
Call 770 492 4346 to become a Manorathi
Manorath or Hindola Utsav may change due to circumstances